BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

**પરીપત્ર**

**વિષય :** જે વિદ્યાર્થીઓ પદવી પ્રમાણપત્ર (Degree Certificate) મેળવવા માટેના ફોર્મ ભરવાથી વંચિત રહી ગયેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા ઓનલાઇન એન્ટ્રી બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનનાં અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે વિદ્યાર્થીઓને ફાઇનલ ડિગ્રી સર્ટિફીકેટ મેળવવા માટે વિદ્યાર્થી જે તે સમયે ફાઇનલ પરીક્ષાના પરીક્ષા ફોર્મની સાથે તેમણે ફાઇનલ ડિગ્રી સર્ટિફીકેટ માટેનું ફોર્મ પણ જે તે કોલેજ ખાતે ભરવાનુ હોય છે, પરંતુ તેમાથી વર્ષ: ૨૦૧૬-૨૦૧૭ થી વર્ષ: ૨૦૨૦-૨૦૨૧ ના કેટલાક વિદ્યાર્થીઓએ ફાઇનલ ડિગ્રી સર્ટિફીકેટ માટેનું ફોર્મ ભરેલ નથી. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઇ જે વિદ્યાર્થીઓ પદવી પ્રમાણપત્ર (Degree Certificate) મેળવવા માટેના ફોર્મ ભરવાથી વંચિત રહી ગયેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા ફાઇનલ ડિગ્રી સર્ટિફીકેટ માટેના ફોર્મ ભરવા માટે ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા પોતાના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

| કોર્સનું નામ | એન્ટ્રી શરૂ થવાની તારીખ | એન્ટ્રી પુર્ણ થવાની તારીખ |
|---|---|---|
| DMLT, Post Basic BSc Nursing, BPT, MBBS | ૨૪/૧૨/૨૦૨૧ | ૦૭/૦૧/૨૦૨૨ |

નિયત સમયમર્યાદા બાદ ફોર્મની ઓનલાઇન એન્ટ્રી સોફ્ટવેર સ્વીકારશે નહીં. જેની નોંધ લેવી. ઓનલાઇન એન્ટ્રી કર્યા બાદ ચાલુ કામકાજના દિવસ ૪(ચાર)માં ઓનલાઇન જનરેટ થયેલ ફી રીપોર્ટ/ચેકલિસ્ટ (**EXCEL SHEET**)ની પ્રિન્ટને કોલેજના આચાર્યશ્રી દ્વારા વેરીફાય કર્યા બાદ કુરિયર અથવા પોસ્ટ મારફત અથવા રૂબરૂ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે તેમજ કોલેજનાં લેટરપેડ માં કોર્ષ પ્રમાણે અલગ-અલગ વિદ્યાર્થીઓની સંખ્યા સ્પષ્ટ દર્શાવી નિયત ડીગ્રી સર્ટીફિકેટ ફોર્મ ફી રૂ.૨૫૦/- **"રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ"** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચુકવવાની રહેશે.

**ખાસ નોંધ :-**

૧. જે કોર્સમા છેલ્લી લેખિત પરીક્ષા પાસ કર્યા બાદ વિદ્યાર્થીને ઇન્ટર્નશીપ કરવાની થતી હોય તેવા વિદ્યાર્થીઓની ઇન્ટર્નશીપ પુર્ણ થઈ ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓના જ ડિગ્રી ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે. તેમ જ ચેકલિસ્ટ (EXCEL SHEET) ની પ્રિન્ટ યુનિવર્સિટી ખાતે જમા કરાવતા સમયે કોલેજના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓ દ્વારા આ સાથે સામેલ બિડાણ મુજબનુ બાહેધરી પત્રક તેમ જ જે-તે વિદ્યાર્થીના ઇન્ટર્નશીપ સર્ટિફીકેટની પ્રમાણિત નકલ સાથે મોકલવાનુ રહેશે.

૨. દરેક વિદ્યાર્થીએ ડીગ્રી ફોર્મમાં જે એડ્રેસ (કાયમી સરનામું) દર્શાવેલ હોય, તે જ એડ્રેસની કોલેજ દ્વારા સોફ્ટવેરમાં એન્ટ્રી કરવી.

૩. ડીગ્રી ફોર્મ કોલેજે પોતાની પાસે રેકોર્ડ માં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે, તો રજુ કરવાનાં રહેશે.

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh

## <u>બાહેધરી પત્રક</u>

વિદ્યાર્થીઓએ ફોર્મમા ભરેલ વિગત અને છેલ્લી માર્કશીટ પ્રમાણે જ ઓનલાઇન એન્ટ્રી કરેલ છે. જે અમોએ ચકાસેલ છે. ઓનલાઇન એન્ટ્રી ખોટી હશે તો જવાબદારી કોલેજ/સંસ્થા ની રહેશે તેમજ વિદ્યાર્થીઓની માર્કશીટ તેમજ ઇન્ટર્નશીપની માહિતી ચેકલિસ્ટ સાથે ચેક કરેલ છે. જો કોઇ માહિતી ખોટી હશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે.

સંસ્થાના આચાર્યશ્રી/વડાશ્રીની

સહી/સિક્કો

પરીક્ષા નિયામક

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૨૧૧૩/ ૨૦૨૧

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,

ખડીયા, જૂનાગઢ-362263

તા. ૨૪/૧૨/૨૦૨૧

પ્રતિ,

યુનિવર્સિટી ભવનનાં અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓ તરફ......

**નકલ સાદર રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે)

(૩) હિસાબી શાખા